ડાયરેક્ટ ❤ સે

તમારી જિંદગીમાં સૌથી અગત્યના બે દિવસો છે :
પહેલો - તમે જન્મ્યા છો તે દિવસ અને બીજો - તમને સમજાઈ જાય કે તમે શા માટે જન્મ્યા છો ? એ દિવસ.

- ડેલ કાર્નેગી

કલ્ચરલ ફોરમની નવરાત્રીના ટિનેજર વિજેતાઓએ માઉન્ટ આબુ ખાતે માણ્યો નેચર કેમ્પનો આનંદ

ગાંધીનગર કલ્ચરલ ફોરમની સંપન્ન થયેલ નવરાત્રી ૨૦૧૬માં ગરબા ઘૂમતા ખેલૈયાઓ તેમજ હજારો પ્રેક્ષકો સહિત સિનીયર સિટીજન્સએ તેમજ નાના બાળકોએ પણ મન મૂકીને નવારાત્રીના ગરબા માણ્યા હતા. દસથી વધુ કેટેગરીમાં ખેલૈયા વિજેતાઓને ઈનામો મળ્યા હતા. અને આ વિજેતાઓને ગરબા પછી એક નવી જ મજા માણવા મળી હતી. તેમણે માઉન્ટ આબુ ખાતે એડવેન્ચર કેમ્પની મજા માણી હતી અને જિંદગીના યાદગાર દિવસો આબુમાં વિતાવ્યા હતા.

જી હા, ચાલુ વર્ષે પણ માઉન્ટ આબુ ખાતે સેંકડો સાહસિક કેમ્પર્સ સાથે નેચર કેમ્પમાં ભાગ લેવા ટિનેજર બોયઝની કેટેગરીના પ્રથમ વિજેતાઓ પૈકી મળેલ ઈનામ અન્વયે માઉન્ટ આબુ ટાઉનથી ઉપર અચલગઢ નજીક ચાર દિવસના આ એડવેન્ચર કેમ્પમાં સનસેટ વ્યૂ, રૉક ક્લાઈમ્બિંગ, રેપલિંગ, રિવર ક્રોસિંગ, લેડર ક્લાઈમ્બિંગ, બર્ડ વૉચિંગ, કૅમ્પ ફાયર લૉંગ ટ્રેક સહિતનો લાભ લઈને પરત થયેલ અભિષેક સોની, ધ્રુવ શાહ અને રાજ ભાવસારે અનાલા આઉટડોર્સના મેનેજીંગ ડિરેક્ટર અને કૅમ્પ ડિરેક્ટર ચંન્દ્રેશ લોઢીયા સહિત ગાંધીનગરના વોલન્ટિયર્સ મીસ રબેકા તેમજ નરેશ ઠાકર ઉપરાંત અન્ય કૅમ્પર્સ સાથે યાદગાર પળો માણી હતી.

૨૦ જાન્યુઆરીએ શિક્ષણ બોર્ડના સભ્યોની ચૂંટણી

ગાંધીનગર, તા. ૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી ૨૦ જાન્યુઆરીના રોજ યોજવા અંગે બોર્ડ દ્વારા સત્તાવાર જાહેરનામુ બહાર પાડી દેવામાં આવ્યું છે. જેથી હવે બોર્ડની ચૂંટણીનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. બોર્ડના સભ્યોની મુદત ૨૨ જુલાઈએ પૂર્ણ થતી હતી પરંતુ તે પહેલા બોર્ડ દ્વારા સભ્યોને છ માસનું એક્સટેન્શન આપી દીધું હતું. જેથી હવે ૨૦ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ બોર્ડની ચૂંટણી યોજાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ૨૬ સભ્યોની મુદત ૨૨ જુલાઈ, ૨૦૧૬ના રોજ પૂર્ણ થતી હોવાથી ૬ મે, ૨૦૧૬ના રોજ ચૂંટણી માટેનું જાહેરનામું બહાર પાડવું પડે તેમ હતું. જોકે બોર્ડના સભ્યોની મુદત છ માસ માટે વધારી દેવામાં આવી હતી. રાજ્યમાં નવેમ્બરમાં કોર્પોરેશન અને જિલ્લા પંચાયત સહિતની ચૂંટણીઓનું કારણ આગળ ધરી સભ્યોને છ માસ વધારી આપ્યા હતા. જોકે હવે, જાન્યુઆરીમાં ચૂંટણીની તૈયારીઓને લઈને ચૂંટણી લડવા માંગતા લોકોમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે.

શિક્ષણ બોર્ડમાં કુલ ૬૦ સભ્યો છે. જેમાંથી ૨૬ સભ્યોની ચૂંટણી થાય છે અને બાકીના ૩૪ સભ્યોની નિમણૂક કરાતી હોય છે. જે ૨૬ સભ્યોની ચૂંટણી થાય છે તેમની ત્રણ વર્ષની ટર્મ હોય છે. બોર્ડના જે ૬૦ સભ્યો હોય છે તેમાં માધ્યમિક શિક્ષક ૦૬ માધ્યમિક આચાર્ય ૦૬ ઉચ્ચ માધ્યમિક શિક્ષક ૦૩ કારકુન ૦૨ વાલી મંડળ ૦૩ સંચાલક મંડળ ૦૪ સરકારી શિક્ષક ૦૧ બીએડના આચાર્ય ૦૧ ધારાસભ્ય ૦૫ વર્ગ-૧ અધિકારી ૧૬ સરકારના સભ્યો ૦૩ યુનિવર્સિટીના સભ્ય ૧૦ હોય છે. જેમાંથી માધ્યમિક શિક્ષકો, માધ્યમિક આચાર્યો, ઉચ્ચ માધ્યમિક શિક્ષક, કારકૂન, વાલી મંડળ, સંચાલક મંડળ, સરકારી શિક્ષક અને બી.એડ.કોલેજના આચાર્યોની બેઠક મળી કુલ ૨૬ બેઠકો માટે ચૂંટણી યોજાય છે. જાન્યુઆરી, ૨૦૧૭માં બોર્ડના ૨૬ સભ્યોની ચૂંટણી યોજવા માટે બોર્ડ દ્વારા સત્તાવાર જાહેરનામું બહાર પાડી દીધુ છે જેના કારણે હવે આ ચૂંટણી ૨૦મી જાન્યુઆરીએ યોજાવાનું નિશ્ચિત બની ગયું છે.

દિવાળીની રજાઓમાં

ગાંધીનગર મુક્તિધામ સહેલાણીઓથી ઊભરાયું

ગાંધીનગર, તા. ૬

દિવાળીની રજાઓમાં આપણે ત્યાં બહારગામ ફરવા જવાનો ટ્રેન્ડ તો છે જ, પરંતુ બહુધા લોકો દિવાળી ઘરમાં જ ઉજવવાનું પસંદ કરે છે. હા, દિવાળીની રજાઓમાં આસપાસમાં ફરવા જાય છે ખરા અને એ કારણે શહેરનાં અને આસપાસનાં ફરવાનાં સ્થળો સહેલાણીઓથી ખચાખચ ભરેલાં રહે છે. આ વખતે આવી જ હાલત જુનિયર સિટીઝન કાઉન્સિલ સંચાલિત ગાંધીનગર મુક્તિધામની રહી હતી.

ઉલ્લેખનીય છે કે ગાંધીનગર મુક્તિધામ ખાતે સુંદર બગીચા ઉપરાંત ફુવારા, વૃક્ષોની હરિયાળી, સસલાં, ઈમુ, બતક, કાચબા, તેતર, લવ બર્ડ્સ, ઓસ્ટ્રેલિયન પોપટ, ઉચ્ચ જાતિનાં શ્વાન, ગીર ગાય, હરણ, મરઘાં અને સફેદ કબૂતરો પણ છે. સહેલાણીઓએ સ્થળની સાથે આ પ્રાણી, પક્ષીઓને જોવાનો લ્વાહો પણ માણ્યો હતો. અનેક પરિવારોએ તો નાસ્તા સાથે મુક્તિધામમાં ડેરો જમાવી રીતસર પિકનિકનો આનંદ માણ્યો હતો. મુક્તિધામની સ્વચ્છતા અને સ્વચ્છ પાણીની વ્યવસ્થાથી સહેલાણીઓએ આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી. દિવાળીના પર્વ નિમિત્તે પ્રત્યેક રાત્રે અહીં પ્રગટાવવામાં આવતા ૧ હજાર દીવડાઓથી સર્જાતું અલૌકિક વાતાવરણ પણ હજારો લોકોએ માણ્યું હતું. સેવાભાવી લોકોના માધ્યમથી ૪૦૦ જેટલા ગરબા (માટલાં) વૃક્ષો પર લગાવડાવી સંસ્થાએ અનોખું સેવાકાર્ય પણ બજાવ્યું હતું.

જોકે, દિવાળીના તહેવારોમાં પણ સંસ્થાના કર્મચારીઓ અને એમ્બ્યુલન્સના ડ્રાઈવર્સે ૨૪ કલાક સેવારત રહીને પોતાની કર્તવ્યનિષ્ઠાનો સુંદર પરચો આપ્યો હતો.

પુસ્તક પરબ

મોં મીઠું કરાવીને શુભેચ્છાની આપ-લે

ગાંધીનગર, તા. ૬

દિવાળી બાદ રવિવારે પ્રથમ વખત આયોજિત પુસ્તક પરબની મુલાકાત લેનાર દરેક મુલાકાતીને સાકર આપીને મોં મીઠું કરાવવામાં આવ્યું હતું અને ત્યારબાદ પુસ્તકોની આપ-લે કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે દર માસના પ્રથમ રવિવારે પુસ્તક પરબ ઘ-૪ સર્કલ ખાતે યોજાય છે.

દિવાળી પર્વના વૅકેશનનો માહોલ હોવા છતાં પુસ્તક પરબમાં અઢીસોથી વધુ વાચનરસિકો આવ્યાં હતાં અને બે પુસ્તક ઉપરાંત બે મેગેઝિન નિઃશુલ્ક મેળવીને રાજી થયાં હતાં. પુસ્તક પરબમાં આશા સરવૈયા, કિશોર જીકાદરા, અશોક ત્રિવેદી, ધુર્જટી પ્રજાપતિ, કિન્નરી ત્રિવેદી, મૂળજીભાઈ પરમાર, રોહા પરમાર, દિશાન્ત ગર્ગ, રણછોડ પરમાર, સંજય થોરાત વગેરે માતૃભાષાપ્રેમીઓ નિયમિત પોતાની સેવાઓ આપી આ અભિયાન ચલાવી રહ્યા છે.

પુસ્તક પરબના સંનિષ્ઠ કાર્યકર સંજય થોરાતે પોતાનું પ્રથમ પુસ્તક 'હેલ્લો ફ્રેન્ડ્સ' પરબના સૌ કાર્યકરોને પોતાના હસ્તાક્ષર સાથે સપ્રેમ ભેટ આપ્યું હતું. પુસ્તક પરબમાં પધારેલા ભુરિયા બાબાએ પણ 'માનવમાંથી મહામાનવ' પુસ્તક સૌ વાચનરસિકોને ભેટ આપ્યું હતું.

પરબના અંતે કવિ કિશોર જીકાદરાએ ગુજરાત દિપોત્સવી અંકમાં પ્રકાશિત પોતાની ગઝલ, રમણ વાઘેલાએ ગઝલ અને સંજય થોરાતે 'લાભપાંચમનું મુહૂર્ત' વાર્તા સંભળાવી સૌને રાજી કર્યા હતા.

જીથ્રી ક્લબનું સ્નેહમિલન : વર્ષભર સાઈકલ ચલાવવાનો સંકલ્પ લેવાયો

ગ્રીન ગાંધીનગર' સાઈકલ ક્લબ ચાલે છે, જેના સભ્યો સતત સાઈકલિંગ કરતાં હોય છે. દિપાવલી પછી આ સભ્યોનું સ્નેહમિલન મળ્યું હતું, જેમાં સભ્યોએ વર્ષભર સાઈકલ ચલાવવાનો સંકલ્પ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે જીથ્રી ક્લબની સ્થાપના ફિમેલ મેમ્બરે સ્ત્રીઓને સાઈકલ ચલાવતી કરવા ચલાવવામાં આવી રહી છે. બંને ઉમદા સાઈકલિસ્ટ છે અને સો-સવાસો કિમી જેટલું અંતર સાઈકલ પર આરામથી કાપી શકે છે.

નૂતન વર્ષ નિમિત્તે આયોજિત સ્નેહ મિલન કાર્યક્રમમાં સૌ સભ્યો સાઈકલ લઈને જ આવ્યાં હતાં. દિગંબર પાંડે, કમલેશ બારોટ, કાવ્યા તિવારી, ખ્યાતિ દેસાઈ, દિલીપ શર્મા, કવિતા કુલકર્ણી આ રહી શકતાં તેમણે શુભેચ્છા સંદેશ મોકલાવ્યો હતો. નિયમિત સાઈકલ ચલાવતા અને ક્લબને મોટિવેટ કરતા સંજય થોરાત પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ક્લબમાં વધુમાં વધુ મહિલાઓ જોડાય એવી મહેચ્છા પ્રિતી-પિંકીએ વ્યક્ત કરી હતી અને આખું વર્ષ તેઓ સતત સાઈકલિંગ કરશે એવો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

ચૌધરી કૉલેજની છાત્રાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરમાં સ્થિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજની છાત્રાઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી છે. જકાર્તા, ઈન્ડોનેશિયા ખાતે યોજાયેલી છઠ્ઠી તફિસા ગેમ્સમાં ભારત તરફથી વિવિધ રાજ્યોના ૨૯ ખેલવીરોએ 'જીત કૂને ડો' સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ ટીમમાં ગુજરાત રાજ્યના પાંચ રમતવીરોએ પણ ભાગ લીધો હતો, જેપૈકી ૪ રમતવીર શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, સૅક્ટર-૭ની છાત્રાઓ હતી.

આ સ્પર્ધામાં રીપલ જે ચૌધરી અને ખ્યાતિ બી તરાલ દ્વારા ગોલ્ડ અને અપેક્ષા બી પટેલ તથા આરજુ ડી ચૌધરી દ્વારા સિલ્વર મેડલ હાંસલ કરવામાં આવ્યો હતો.

ચૌધરી કૉલેજની આ વિજેતા છાત્રાઓને શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ હરિભાઈ વી ચૌધરી, પૂર્વ પ્રમુખ મણિભાઈ કે ચૌધરી, ઉપપ્રમુખ શંકરભાઈ ચૌધરી, મહામંત્રી માધુભાઈ ચૌધરી, કૅમ્પસ ડિરેક્ટર યશવંતભાઈ ચૌધરી, ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી નરેશભાઈ ચૌધરી, પ્રાંત યુવા વિકાસ અધિકારી રાકેશભાઈ ચૌધરી, કૉલેજનાં આચાર્ય ડૉ. ઊર્મિલાબેન સી ચૌધરી, શારીરિક શિક્ષણ પ્રાધ્યાપક વિનોદભાઈ ચૌધરી અને કોચ પ્રજ્ઞેશ મેસરીયા તથા સમગ્ર કૉલેજ સ્ટાફ પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે તફિસા ગેમ્સમાં ૮૩ રાષ્ટ્રોના ૩૬ હજાર રમતવીરોએ ભાગ લીધો હતો અને વિભિન્ન સ્થળે ૬ર થી વધુ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું.

મારા વતનમાં ગાળેલાં વર્ષો એ જિંદગીનાં યાદગાર વર્ષો છે

સંવેદના

મારું વતન - વહાલું વતન

જતા'તા નિશાળે હતાં સાવ નાના
લઈ પુસ્તકો હાથમાં ખૂબ જૂનાં
ન'તી કોઈ ચિંતા, ન'તી કોઈ વ્યાધિ
ગુલાબી હતી જિંદગી, ના ઉપાધિ
ચડ્ડી બાંડિયું બૂટ પૂરા પઠાણી
બધું શૈશવે ખૂબ લીધું જ માણી
કદી મોડી દંડા કદીયે લખોટી
વળી ઘુમતા'તા લઈ હાથ સોટી
કઢી, છાશ અને શાક સાથે કઠોળ
વળી રોટલાં ઘી ભર્યા સાથ ગોળ
હતાં આપણાં સાવ ખોરાક સાદા
નથી રે પડ્યાં'તા કદી કોઈ માંદા

- વૃજલાલ શુક્લ
વટવાણ

૧૦ રૂપિયાના મણ બટાટાં અને શાકભાજી મળતી હતી, તેલિયા મીલમાં ૧૬ રૂપિયે ૧૫ શેર તેલનો ડબ્બો, ચાર રૂપિયાનું એક શેર ઘી, એક રૂપિયાનું એક શેર દૂધ મળતું

મારી જન્મભૂમિ એટલે અમદાવાદ, જેને યાદ કરતાં આજેય મારું હૈયું ભીંજાઈ જાય છે.

મારું વતન કોટ, કિલ્લા, ઘાટ અને દરવાજાથી બનેલું છે. અત્યારે પણ એ દરવાજા - ત્રણ દરવાજા, ખાનપુર દરવાજા, રાયપુર દરવાજા, શાહપુર દરવાજા, દરિયાપુર, સારંગપુર અને પ્રેમ દરવાજા અડીખમ ઊભા છે. ઝુલતો મિનારો પણ સ્થાપત્યનો અદ્‌ભૂત નમૂનો છે.

વળી શાહપુર, દરિયાપુર, ખાડીયા, સારંગપુર, કાળુપુર કોટની રાંગ હજુ પણ જૂના જમાનાની યાદ અપાવે છે.

અમે શિવાલયો સાથેના આશ ભીમનાથ, ખડગધારેશ્વર, નારણઘાટ તથા દધિચિ, સાબરમતીના આરે સ્નાન-દર્શનથી ધન્ય થઈ જતાં. ઉપરાંત બેનમૂન કારીગરીવાળા હઠીસિંહના દેરા, સિદી સૈયદની જાળી, દાદા હરિની સાત કોઠાની વાવ, કાંકરિયા તળાવ, નગીનાવાડી જેવાં સ્થાપત્યો હજુ પણ હયાત છે. ધાર્મિક કથાઓ માટે પ્રખ્યાત સરયુદાસજીનું મંદિર, સંન્યાસ આશ્રમ જ્યાં મેં ભજન-સત્સંગનું રસપાન કર્યું છે એ પણ હયાત છે ને મારી આંખો સામે પુનિત મહારાજ, કેશવભવાની મહારાજ, શંભુ મહારાજ, અર્જુન ભગત, અભરામ ભગત હજુય તરવરે છે.

સ્વાદરસિયાઓનું તો અમદાવાદ પ્રથમ પસંદગીનું શહેર હતું, છે ને રહેશે. રાયપુરના ભજીયા, ચંદ્રવિલાસના જલેબી-ફાફડા, દુધિયા અને ફરકીવાળાની બાસુંદી, શ્રીખંડ, દાસના ખમણ, માણેક ચોકનું ખાણી-પીણી બજાર તો અમદાવાદના હૈયે વસેલું છે. પૂનમનો સારંગપુરનો પાણીપુરીનો મેળો જ્યાં મોટી સંખ્યામાં પાણીપુરીવાળા ઊભા હોય અને સ્વાદરસિયાઓ એનો આનંદ માણતા હોય.

કાળુપુરનું દાણા બજાર, શાક બજાર, તેલિયા મીલ કે જ્યાં એ જમાનામાં ૧૦ રૂપિયાના મણ બટાટાં અને શાકભાજી મળતી હતી. તેલિયા મીલમાં ૧૬ રૂપિયે ૧૫ શેર તેલનો ડબ્બો, ચાર રૂપિયાનું એક શેર ઘી, એક રૂપિયાનું એક શેર દૂધ મળતું. અમે સાથે મળીને જતાં ને ખરીદી કરતાં.

એ જમાનાની મીલોની જાહોજલાલીની તો વાત જ શું કરવી ! દિવાળીમાં શેઠિયાઓ કારીગરોને બોનસ આપે એટલે સોના, ચાંદી, ત્રાંબા અને પિત્તળનાં વાસણોની ખરીદી માટે બજારમાં ભીડ જામે, બજાર જાણે ભર્યું ભર્યું થઈ જાય. આવા મારા વહાલા વતનમાં મેં ૨૬ વર્ષ ગાળ્યાં છે, જે મારી જિંદગીનાં યાદગાર વર્ષ છે.

- ભાનુમતી સુધાકર શાસ્ત્રી
સેક્ટર-૨૩

વહેલી પરોઢે મંદિરે ઝાલર રણકે
મંગળા આરતી ભોળા શિવજીની ઉતરે
નિર્મળ ભક્તિની સોનેરી સુગંધ મ્હેંકે
ગામના પાદરે મનભાવન મોરલાં ટહૂકે
યાદ આવે મારું વહાલું વતન
ગારમાટીના ઓરડા સાથે મોટાં ફળિયાં
દેશી નળીયાના નિખરતા બધા છાપરાં
કડવા લીમડાના મીઠા મધુર છાંયડા
સ્નેહથી આવકારી સ્વાગત કરે આપણાં
યાદ આવે મારું વહાલું વતન
મહેમાનો પામતા સન્માન સ્નેહથી સદા
પરોણાગત મિષ્ટાન જમાડી કરતા સદા
ભોળા સ્વભાવના યજમાનો ગમતા સદા
સ્મૃતિમાં જળવાઈ રહ્યાં સ્નેહીજનો સદા
યાદ આવે મારું વહાલું વતન
ઈર્ષા ઝઘડા કંકાસ વગરનું ગામ
જુગાર દારુના વ્યસનથી મુક્ત ગામ
સમરસ પંચાયતે શોભતું સંપીલું ગામ
પાટડી તાલુકાનું મારું નવરંગપુરા ગામ
યાદ આવે મારું વહાલું વતન

- ઈશ્વરલાલ દેવશંકર જોષી,
સેક્ટર-૪ ડી

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
શિવાય
૧૨.૧૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૨
એ દિલ હૈ મુશ્કિલ
૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૩
ડૉક્ટર સ્ટ્રેન્જ (૩ડી-અંગ્રેજી)
૧.૦૦, ૭.૦૦
ડૉક્ટર સ્ટ્રેન્જ (૩ડી-હિન્દી)
૪.૦૦, ૯.૪૫

સ્ક્રીન-૫
પાસપોર્ટ (ગુજરાતી)
૪.૦૦, ૧૦.૦૦
લવારી (ગુજરાતી)
૧.૧૫, ૬.૩૦
શિવાય
સવારે ૧૦.૦૦